

# શૈશવકાળની સમાપ્તિ

આજથી એક સૈકા પહેલાં, બંગાળમાં બાલિકાઓનો શૈશવકાળ બહુ જ જલદીથી સમાપ્ત થઈ જતો હતો. બાર વર્ષની કન્યાને તો 'પુખ્ત' ગણવામાં આવતી. ત્યાં સુધીમાં તો સાસરે મોકલી દેવાતી. નિર્મલા બાર વર્ષની થતાં, તેનાં દાદીમા ને માતા તેનાં લગ્ન અંગેની ચિંતા કરવા લાગ્યાં. કેમ કે, બીજી કન્યાઓની જેમ સાસરે જવા ઉત્સુક તે કન્યા નહોતી. ભોળી, સરળ, મૃદુ, આજ્ઞાંકિત, સહનશીલ અને મિતભાષી પુત્રીનું સાસરે શું થશે તેની માને અપાર ચિંતા હતી. પોતાનાં સાસુમા પાસે એ ચિંતા અવારનવાર વ્યક્ત પણ કર્યા કરતાં.

ત્યારે સાસુમા કહેતાં, "શ્રી હરિ બધું જ સારું કરશે." પણ માનું હૃદય એ માનું હૃદય હતું. કેમેય કર્યું ચિંતામુક્ત બનતું ન હતું.

અલબત્ત, ગૃહસ્થજીવન અંગેનું શક્ય એટલું બધું શિક્ષણ માએ આપ્યું હતું. સ્વાદિષ્ટ ને મધુર રસોઈ કરતાં શિખવાડ્યું હતું. ઘરનાં સર્વે સભ્યોને પ્રેમપૂર્વક જમાડતાં અને તેમની સાર-સંભાળ લેતાં શીખવ્યું હતું. ભરત-ગૂંથણ, કાંતવાનું આ બધું પણ આવડતું હતું. ઈલાયચીના ફોતરામાં યજ્ઞોપવીતના તાર સમાઈ જાય એવું બારીક તે કાંતી શકતી હતી. વાંચતાં-લખતાં તો આવડતું જ હતું. સેવા, ત્યાગ, સમર્પણ અને આજ્ઞાપાલકતા તો સ્વભાવ સાથે જડાયેલાં હતાં. આથી આ બધું તો શીખવવું જ પડ્યું નહોતું. પ્રસંગે પ્રસંગે એના સ્વભાવમાંથી આ બધું સહજપણે જ પ્રગટ થયા કરતું. સુંદર, સ્વસ્થ, ઘાટીલા દેહમાંથી નીતરતું અનુપમ લાવણ્ય, ગૌર વર્ણ, આત્મતેજથી ચમકતો ચહેરો અને ચહેરા ઉપર સદાય અંકિત રહેતી પ્રસન્નતા, નિર્મલાની દિવ્યતાને પ્રગટ કરતાં રહેતાં. જોનાર સહુને જણાતું કે આ કન્યામાં એવું કંઈક છે, જે અન્યમાં ભાગ્યે જ જોવા મળે.

તેની પાસે પહેરવા માટે કંઈ કિંમતી સુંદર વસ્ત્રો નહોતાં. પણ સાવ સાદી સાડી પણ એવી રીતે પહેરતી કે દેહ પર દીપી નીકળતી.

તેથી જ તેની સખીઓની માતાઓ પોતપોતાની પુત્રીઓને કહેતી કે, 'સાડી કેવી રીતે પહેરવી તે નિર્મલા પાસેથી શીખો.' તે એવી રીતે સાડી પહેરતી કે શરીરના



બધાં જ અંગો સુપેરે ઢંકાઈ જાય અને છતાં વ્યક્તિત્વ નીખરી ઊઠતું. સાદાઈ, પવિત્રતા, લજ્જા ને મૃદુતાની એ જીવંત પ્રતિમા હોય એવી જણાતી.

"હવે દીકરી બાર વરસની થઈ, મોટી થઈ ગઈ. યોગ્ય પાત્રની શોધ કરો." મોક્ષદાસુંદરી પતિને વારંવાર કહ્યાં કરતાં.

પતિના વૈરાગી સ્વભાવને તે ઓળખતાં હતાં, તેથી સગાંસંબધીઓને પણ આ અંગે કહ્યું હતું.

પણ જેને માટે મા આટલી ચિંતા કરતાં હતાં એ તો વૃક્ષો સાથે ગેલ કરતી, ગીતો ગાતી, નિજાનંદમાં મસ્ત બનીને ઘૂમ્યા કરતી હતી !



**માઁ સંતો સાથે**

**કેશવાનંદજી નારાયણ સ્વામી, ભાગવતાનંદજી તથા ભાસ્કરાનંદજી**



## ફોટો આવ્યો !

હવે યોગ્ય મુરતિયાની શોધ માટે પિતા વારંવાર બહારગામ પણ જવા લાગ્યા. મુરતિયા તો ઘણા બતાવવામાં આવતા હતા, પણ કોઈ યોગ્ય પાત્ર જ જણાતું નહોતું.

આથી નિરાશ થઈ ઘેર પાછું આવવું પડતું. તેને પરિણામે કોઈ સગાએ એક યુવકનો ફોટો મોકલ્યો. સાથે જણાવ્યું કે, ફોટો પસંદ પડે તો પછી વાત આગળ ચલાવવી.

ખેઉડાના આ ભટ્ટાચાર્ય કુટુંબમાં પહેલી જ વાર આ રીતે કોઈનો ફોટો આવ્યો હતો ! ફોટો એ તો નવીનતમ વસ્તુ બની ગઈ.

બધાંને માટે અભૂતપૂર્વ બનાવ બની ગયો.

આ અંગે વરસો બાદ મા આનંદમયીએ કહ્યું હતું : "તે સમયે નાનપણમાં મારી ઉંમર કદાચ અગિયાર કે બાર વર્ષની હશે. એકાએક એક જગ્યાએથી આ શરીરના લગ્ન સંબંધી વાત આવી. યુવકનો ફોટો પણ મોકલાયો. અમે તો ક્યારેય ફોટો જોયો ન હતો. ફોટા વિશે અજાણ હતાં. ફોટો જોવાનો આ પહેલો પ્રસંગ હતો. ઘરનાં બધાંએ ફોટો જોયો ત્યારે હું બાલિશ હતી. કોઈક ગીતની એકાદ પંક્તિ ગણગણતાં હું રમ્યા કરતીને વૃક્ષો પાસે જઈને તેમની સાથે વાતો કરતી. ફોટો ઘરમાં આવ્યો ત્યારે બહાર ઊભી ઊભી ગાતી હતી. મને અંદર બોલાવીને ફોટો બતાવ્યો. ફોટો જોઈ ધીમેથી ગણગણવા લાગી : "ફોટો, ફોટો, ફોટો, ફોટો." તે વખતે આ શરીરના નાના ત્યાં હાજર હતા. તેમણે આ ગણગણાટ સાંભળ્યો. હસતાં હસતાં મારી પાસે આવ્યા. પૂછ્યું : 'શું ચાલે છે ?' પછી હસ્યા.

ફોટો મારા લગ્ન માટે આવ્યો છે તેની જરાય ખબર નહોતી. છતાં, કોણ જાણે કેમ, નાનાનું હાસ્ય જોઈ શરમાઈ ગઈ. તુરત જ રડવું આવી ગયું.

આ વાત ભક્તને કહેતાં કહેતાં મા ત્યારે હસી પડ્યાં : 'જીવનમાં કેવા કેવા ખેલ થયા છે !'

ફોટો બધાં માટે કૌતુકનો વિષય બની ગયો. પણ પછી પિતાને ફોટા પરથી જ એ યુવક યોગ્ય ન જણાતાં, વાત ત્યાં જ અટકી ગઈ.





## 'ભાઈ, એની કુંડળી તો જોઈ આપ !'

નિર્મલાના નાના મામાને જ્યોતિષમાં રસ હતો.

કુંડળી બનાવતાં ને જોતાં આવડતું હતું. નિર્મલા માટે ક્યાંય સુયોગ્ય યુવક મળતો ન હતો. આથી તેનાં માતા મૂઝાતાં હતાં.

એટલે એક દિવસ નાના ભાઈને કહ્યું : "ભાઈ, જો તો ખરો, આની કુંડળીમાં કેવા કેવા ગ્રહો પડ્યા છે ! યોગ્ય પાત્ર મળશે તો ખરું ને ? નસીબમાં સુખ તો છે ને ? કુંડળી જોઈ આપને જરા !'

બહેનના આગ્રહથી ભાઈ કુંડળી તો લઈ ગયો, પણ પછી કુંડળીના ગ્રહો વિશે બહેનને ક્યારેય વાત કરી નહીં.

બેન તેને વારંવાર પૂછતાં રહ્યાં, અને ભાઈ પણ 'નિરાંતે જોઈ આપીશ' એવો જવાબ આપતા રહ્યા.

દરમિયાન વિવાહનું નક્કી થઈ જતાં કુંડળીના ગ્રહોને ભૂલી જ ગયાં ને નાના મામાએ પછી લાડકી ભાણેજના જન્મગ્રહો વિશે કોઈને ય કશું જણાવ્યું નહીં. પણ કુંડળી તો બરાબર જોઈ હતી. વારંવાર, કુંડળીના ગ્રહોનો અભ્યાસ કર્યો હતો. તેમાં જન્મગ્રહો એવા હતા કે તે સંસારસુખ કે ગૃહસ્થ જીવન ભોગવશે નહીં એવું સ્પષ્ટ થતું હતું.

ઘરનાં સહુને ચિંતા ન થાય તે માટે નાના મામાએ કોઈને ય કહ્યું નહોતું. એટલું જ નહીં, કુંડળી કોઈને પાછીયે ન આપી !



## ફોટો આવ્યો !

હવે યોગ્ય મુરતિયાની શોધ માટે પિતા વારંવાર બહારગામ પણ જવા લાગ્યા. મુરતિયા તો ઘણા બતાવવામાં આવતા હતા, પણ કોઈ યોગ્ય પાત્ર જ જણાતું નહોતું.

આથી નિરાશ થઈ ઘેર પાછું આવવું પડતું. તેને પરિણામે કોઈ સગાએ એક યુવકનો ફોટો મોકલ્યો. સાથે જણાવ્યું કે, ફોટો પસંદ પડે તો પછી વાત આગળ ચલાવવી.

ખેઉડાના આ ભટ્ટાચાર્ય કુટુંબમાં પહેલી જ વાર આ રીતે કોઈનો ફોટો આવ્યો હતો ! ફોટો એ તો નવીનતમ વસ્તુ બની ગઈ.

બધાંને માટે અભૂતપૂર્વ બનાવ બની ગયો.

આ અંગે વરસો બાદ મા આનંદમયીએ કહ્યું હતું : "તે સમયે નાનપણમાં મારી ઉંમર કદાચ અગિયાર કે બાર વર્ષની હશે. એકાએક એક જગ્યાએથી આ શરીરના લગ્ન સંબંધી વાત આવી. યુવકનો ફોટો પણ મોકલાયો. અમે તો ક્યારેય ફોટો જોયો ન હતો. ફોટા વિશે અજાણ હતાં. ફોટો જોવાનો આ પહેલો પ્રસંગ હતો. ઘરનાં બધાંએ ફોટો જોયો ત્યારે હું બાલિશ હતી. કોઈક ગીતની એકાદ પંક્તિ ગણગણતાં હું રમ્યા કરતીને વૃક્ષો પાસે જઈને તેમની સાથે વાતો કરતી. ફોટો ઘરમાં આવ્યો ત્યારે બહાર ઊભી ઊભી ગાતી હતી. મને અંદર બોલાવીને ફોટો બતાવ્યો. ફોટો જોઈ ધીમેથી ગણગણવા લાગી : "ફોટો, ફોટો, ફોટો, ફોટો." તે વખતે આ શરીરના નાના ત્યાં હાજર હતા. તેમણે આ ગણગણાટ સાંભળ્યો. હસતાં હસતાં મારી પાસે આવ્યા. પૂછ્યું : 'શું ચાલે છે ?' પછી હસ્યા.

ફોટો મારા લગ્ન માટે આવ્યો છે તેની જરાય ખબર નહોતી. છતાં, કોણ જાણે કેમ, નાનાનું હાસ્ય જોઈ શરમાઈ ગઈ. તુરત જ રડવું આવી ગયું.

આ વાત ભક્તને કહેતાં કહેતાં મા ત્યારે હસી પડ્યાં : 'જીવનમાં કેવા કેવા ખેલ થયા છે !'

ફોટો બધાં માટે કૌતુકનો વિષય બની ગયો. પણ પછી પિતાને ફોટા પરથી જ એ યુવક યોગ્ય ન જણાતાં, વાત ત્યાં જ અટકી ગઈ.





## 'ભાઈ, એની કુંડળી તો જોઈ આપ !'

નિર્મલાના નાના મામાને જ્યોતિષમાં રસ હતો.

કુંડળી બનાવતાં ને જોતાં આવડતું હતું. નિર્મલા માટે ક્યાંય સુયોગ્ય યુવક મળતો ન હતો. આથી તેનાં માતા મૂંઝાતાં હતાં.

એટલે એક દિવસ નાના ભાઈને કહ્યું : "ભાઈ, જો તો ખરો, આની કુંડળીમાં કેવા કેવા ગ્રહો પડ્યા છે ! યોગ્ય પાત્ર મળશે તો ખરું ને ? નસીબમાં સુખ તો છે ને ? કુંડળી જોઈ આપને જરા !'

બહેનના આગ્રહથી ભાઈ કુંડળી તો લઈ ગયો, પણ પછી કુંડળીના ગ્રહો વિશે બહેનને ક્યારેય વાત કરી નહીં.

બેન તેને વારંવાર પૂછતાં રહ્યાં, અને ભાઈ પણ 'નિરાંતે જોઈ આપીશ' એવો જવાબ આપતા રહ્યા.

દરમિયાન વિવાહનું નક્કી થઈ જતાં કુંડળીના ગ્રહોને ભૂલી જ ગયાં ને નાના મામાએ પછી લાડકી ભાણેજના જન્મગ્રહો વિશે કોઈને ય કશું જણાવ્યું નહીં. પણ કુંડળી તો બરાબર જોઈ હતી. વારંવાર, કુંડળીના ગ્રહોનો અભ્યાસ કર્યો હતો. તેમાં જન્મગ્રહો એવા હતા કે તે સંસારસુખ કે ગૃહસ્થ જીવન ભોગવશે નહીં એવું સ્પષ્ટ થતું હતું.

ઘરનાં સહુને ચિંતા ન થાય તે માટે નાના મામાએ કોઈને ય કહ્યું નહોતું. એટલું જ નહીં, કુંડળી કોઈને પાછીયે ન આપી !



## સૂક્ષ્મમાં પોલિસ દારોગાને જોયા !

સુયોગ્ય પાત્ર નહિ મળવાથી પિતાય ચિંતિત હતા. તે માટે સઘન પ્રયત્ન કરવા લાગ્યા. તે દિવસે, આ જ કામે, વિક્રમપુર તાલુકાના આટપાડા ગામે ગયા હતા. ઘરમાં દાદીમા સાથે માતા વાતો કરી રહ્યાં હતાં. તે સમયે નિર્મલાના અંતર્ચક્ષુ સમક્ષ એકાએક પોલિસ ને દારોગા દેખાયા. તે બોલી ઊઠી : 'મા, મા, ઠાકુરમા, પોલીસ, દારોગા !'

આ રીતે બોલતી જોઈ મા અને દાદીમા ચોંકી ગયાં.

પૂછવા લાગ્યાં, 'શું છે એ તો કહે !'

ત્યારે ફરીથી કહ્યું : 'મા, મેં પોલિસ ને દારોગાને જોયા !'

'ક્યાં જોયા ?' 'અહીં ઘરમાં જ'.

આ સાંભળીને બંને ભયભીત થઈ ગયાં કે ઘરમાં વળી પોલિસ ને દારોગા ક્યાંથી આવે ? ત્યાં દાદીમાને વિચાર આવ્યો કે બહારગામ ગયેલા એના પુત્રને તો પોલિસે પકડ્યો નહીં હોય ને ! એની તપાસ કરવા માટે તો અહીં આવ્યા નહીં હોય ને ?

એ સમયે અંગ્રેજોનું રાજ હતું. બંગાળમાં ભાગલા પછીની જોરદાર ચળવળ ચાલતી હતી. એટલે અંગ્રેજો ગમે તેને, ગમે તે રીતે, ગુનામાં સંડોવી પકડી જતા હતા. આથી દાદીમા ચિંતિત બની ગયાં. મા એ માન્યું કે મહોલ્લામાં ક્યાંક ચોરી થઈ હશે એટલે પોલિસો આવ્યા હશે ને નિર્મલા તે વિશે વાત કરતી હશે.

પણ આટલું કહ્યા પછી નિર્મલા તો પ્રવૃત્તિઓમાં પરોવાઈ ગઈ.

આથી આ વાતને કોઈએ ગંભીર માની નહીં.

ત્રણ-ચાર દિવસ બાદ પિતા ઘેર આવ્યા ત્યારે એક મહેમાન પણ સાથે હતા. એ હતા આટપાડાના સીતાનાથ કુશારી મહાશય.

નિર્મલાને જોવા માટે જ ખાસ આવ્યા હતા. તેમના બીજા નંબરના સાળા રેવતીમોહન ચક્રવર્તી માટે ખાનદાન ઘરની સંસ્કારી ને ધર્મપરાયણ બ્રાહ્મણ કન્યાની



શોધમાં જ હતા. નિર્મલાની સાથે વાતચીત કરતાં પ્રસન્ન થઈ ગયા. રેવતીમોહન માટે પસંદગી કરી લીધી અને આમ નિર્મલાના સગપણનું રેવતીમોહન સાથે નક્કી કર્યું.

કુશારી મહાશયના સસરા જગત્બંધુ ચક્રવર્તીનું કુટુંબ આટપાડાના સંસ્કારી બ્રાહ્મણો પૈકીનું હતું. એમના મોટા પુત્ર રેવતીમોહન રેલ્વેમાં સ્ટેશન માસ્તર હતા. તેનાથી નાના રમણીમોહન તે સમયે પોલિસ વિભાગમાં નોકરી કરતા હતા. ભણેલા, સંસ્કારી, કમાતા, સુંદર શારીરિક સૌષ્ઠવ ધરાવતા રમણીમોહન બિપિનબિહારીની આંખમાં નિર્મલા માટે વસી ગયા. તે માટે તેમના બનેવી કુશારી મહાશયને જોવા માટે તેડી લાવ્યા હતા. હવે સેતુ સિદ્ધ થઈ ગયો હોવાથી ઘરમાં આનંદનું વાતાવરણ છવાઈ ગયું. પોતાના જેવા જ ઉચ્ચ ખાનદાન બ્રાહ્મણ કુટુંબમાં નિર્મલાનો સંબંધ ગોઠવાતાં દાદીમા પણ ખૂબ પ્રસન્ન થયાં. ત્યારે કોઈનેય એ ખ્યાલ ન આવ્યો કે આ સંબંધ ગોઠવાતા પહેલાં નિર્મલાએ સૂક્ષ્મમાં જે પોલિસ દારોગાને પોતાના ઘરમાં જોયા હતા તે બીજું કોઈ નહીં, રમણીમોહન જ હતા.

**ઈશ્વર સવત્ર છે. તે બધે વ્યાપીને રહેલો છે. જેને શોધવા માટે તમે કેટકેટલાં વર્ષો સુધી નિષ્ફળ પ્રયાસ કર્યાં છે, એમ તમે માનો છો, તે તમારાથી દૂર નથી. જેવી રીતે માણસ હાડ, માંસ, રક્ત અને ચામડી વગર હોઈ શકતો નથી, એવી જ રીતે 'તે' દરેક સ્થળે, દરેક સમયે હાજરાહજુર છે, જે કંઈ હસ્તિ ધરાવે છે, તેની સાથે તાણાવાણા પેઠે વણાયેલો છે.**

**– 'શ્રી શ્રી મા'**



## લગ્ન

આટપાડાના સુસંસ્કૃત ચક્રવર્તી પરિવારમાં પૌત્રીના વિવાહનું નક્કી થયું એથી દાદીમા ત્રિપુરાસુંદરી ખૂબ રાજી થયાં.

તેમણે મા કાલીને પ્રાર્થના કરી હતી કે ભલે દીકરી આવે તો પણ તેના લગ્ન સમયે તારી પૂજા કરીશ. હવે એ દિવસ પણ નજીક આવી પહોંચ્યો હતો. પરંતુ દાદીમા એ માનતા પૂરી કરવા રોકાયાં નહીં.

'ઉપરવાળા'નું તાકીદનું 'તેડું' આવી જતાં લગ્ન પહેલાં જ ભગવાનને ઘેર પહોંચી ગયાં.

નિર્મલાના શ્વસુરને પણ લગ્નની ઉતાવળ હતી. દાદીમાના મૃત્યુ પછી, બધી ક્રિયાઓ પૂરી કર્યા બાદ, થોડા સમય પછી, લગ્નનું મુહૂર્ત જોવડાવ્યું.

ઈ.સ. ૧૯૦૯ના ફેબ્રુઆરીની સાતમી તારીખે મુહૂર્ત આવ્યું. એવું નક્કી કરાયું કે જાન કસ્બાની કાલીવાડી સુધી આવી પહોંચે ત્યાં સ્વાગત થાય. ત્યાં શણગારેલો હાથી પણ તૈયાર રાખવાનો. પછી એના ઉપર બેસી વરરાજા જાન સાથે બેન્ડવાજાંના મંગલ સૂર સાથે ગામમાં આવે ને પછી લગ્નમંડપમાં જાય.

આ પ્રમાણે જ બધી વ્યવસ્થા અગાઉથી કરવામાં આવી.

તે રીતે વરરાજા ખેઉડા ગામમાં આવી પહોંચ્યા.

બંગાળી રીત પ્રમાણે કન્યાદાન કરાયું. નાના મામાએ મોટા થાળમાં વરરાજાને ભોજન કરાવ્યું. મોસાળામાં ઘણુંઘણું આપ્યું. લગ્ન પછી બંગાળી રીત પ્રમાણે નવવધૂ ગુલાબજળ, અત્તર વગેરેથી સાસરા પક્ષના લોકોનું સ્વાગત કરે છે. એ સુગંધિત વાતાવરણમાં શુભ દૃષ્ટિનું મિલન યોજાય છે. તેમાં વર અને વધૂની દૃષ્ટિનું મિલન કરાવાય છે. પરંતુ કામની ધમાલમાં અહીં દૃષ્ટિ મિલનનો કાર્યક્રમ જ ભૂલાઈ ગયો ! આમ તો આ કાર્યક્રમ ભૂલાઈ જવાથી થયો નહીં, પણ ખરેખર તો દૈવી યોજનામાં એ જાણે હેતુપૂર્વક જ નિમાર્યો નહોતો; કેમ કે, નિર્મલાને માટે લગ્નજીવન નિર્માયું જ નહોતું.



વરસો પછી આ પ્રસંગ વિશે વાત નીકળતાં રમણીમોહને સ્વજનોને કહ્યું હતું : ''એમનામાં આ બધું અસામાન્ય જોવામાં આવે છે, તેથી પણ આવું બન્યું હોય. વળી, સંસારી નિયમ પ્રમાણે તો તે જોડાયાં જ નથી ને !''

બાહ્ય દૃષ્ટિએ જોતાં લગ્ન તો થયાં, પણ તેના આત્માને એ બાંધી શક્યું નહીં કે સાંસારિક સંબંધોમાં પણ લઈ જઈ શક્યું નહીં !

ગામના પ્રસિદ્ધ પં. લક્ષ્મીચરણે આ લગ્નવિધિ કરાવ્યો હતો.

નિર્મલા પર તેમનો ઊંડો સ્નેહભાવ હતો.

એટલે વિધિ કરાવતાં કરાવતાં પણ આંખે આંસુ આવી જતા હતાં.

તે સમયે વરરાજાને કહ્યું પણ ખરું : 'દાદુ, (બેટા) તું કેવું રત્ન ઘેર લઈ જાય છે, તેની તને પછીથી ખબર પડશે.'

પંડિતજીના તે પુત્ર તો બોલી ઊઠ્યા : 'વસ્ત્રોમાંથી પણ દેહની કાંતિ પ્રકાશિત થાય છે ! આ કોઈ સાધારણ મનુષ્ય નથી !, લગ્નમંડપમાં ઘૂંઘટની ઓથે પણ આ દેવકન્યાની કાંતિ છૂપી રહી શકી નહીં. ત્યારે તેની વય હતી માત્ર બાર વર્ષને દસ માસ. તેર વર્ષ પણ જેનાં પૂરાં નહોતાં થયાં એવી મુગ્ધ બાલિકાની સર્વને મુખે પ્રશંસા સાંભળીને વર મહાશય પણ આવું દુર્લભ રત્ન પ્રાપ્ત કર્યાનો આનંદ અનુભવી રહ્યા.

હજી ગઈકાલ સુધી વૃક્ષો સાથે વાતો કરતી, ફૂલો સાથે ગેલ કરતી, તળાવની પાળે કૂદતી, તારાઓની સાથે ગોષ્ઠી કરતી, આકાશને અવલોકતી ને અંતરના અગાધ ઊંડાણમાં ખોવાઈ જતી આ મુગ્ધ બાલિકા હાથમાં શંખની ચૂડીઓ ને ગળામાં મંગલસૂત્ર, સેંથામાં સિંદૂર, કપાળમાં મોટો લાલચટક ચાંદલો કરી મોટી લાલ કિનારવાળી સાડીમાં છાતી સુધી ઘૂંઘટ કાઢી નવવધૂના રૂપમાં શ્વસુરગૃહે આવી. હવે જુદા જ પ્રકારની સેવા, સાધના ને તપશ્ચર્યા શરૂ થઈ. આ નવા બાહ્ય સ્વરૂપની સાથે સાથે હવે ભીતરી આંતર સ્વરૂપ પણ પ્રગટવા લાગ્યું.



# 'એટલું બધું કેવી રીતે કરી શકી ?'

લગ્ન પછી શ્વસુરગૃહે જવાનું હતું. સાસરે વળાવતી વખતે માતાએ કહ્યું : 'હવેથી સ્વામીની આજ્ઞાનું પાલન કરવું એ જ પ્રથમ ધર્મ છે.'

અત્યાર સુધી માતાપિતાની આજ્ઞાનું પાલન કરતી નિર્મલા માટે હવે પતિ-આજ્ઞા જ સર્વસ્વ બની ગઈ. ગૃહસ્થ જીવનમાં હતી ત્યાં સુધી માતાની શિખામણનું પૂરું પાલન કર્યું. એટલે સુધી કે પોતાના ગમા-અણગમા, ઈચ્છા-અનિચ્છા, સુખ-દુઃખ બધું જ આજ્ઞાપાલકતામાં ઓગાળી નાખ્યું હતું.

'પોતાનું' કહી શકાય તેવું કંઈ જ રહ્યું ન હતું.

'પોતાની ઈચ્છાઓ' કહેવાય એવું તો એને કંઈ હતું જ નહીં.

લગ્ન બાદ ખેઉડાથી શ્રીપુર આવવા નીકળ્યાં. કસબાના સ્ટેશનેથી બધાં ટ્રેઈનમાં બેઠાં. નિર્મલાને એક ડબ્બામાં બેસાડી બધો સામાન ત્યાં મૂક્યો. કુશારી મહાશય ને બીજા બધા નીચે ઊતર્યાં.

પણ પછી ખબર પડી કે આ કમ્પાર્ટમેન્ટમાં બેસવાનું નથી, બીજામાં બેસવું પડશે. ગાડી ઊપડવાને થોડીક જ વાર હતી.

આટલો બધો સામાન, ફેરવવો કેવી રીતે ?

ત્યાં કુશારી મહાશય એકલા જ હાજર હતા એટલે તેઓ ચિંતાતુર હતા. નિર્મલા તો ઘૂંઘટમાં ઢંકાયેલી બાલિકાવધૂ હતી !

તોય તેમણે કહ્યું : ''વહુમા, આપણે બીજા કમ્પાર્ટમેન્ટમાં જવું પડશે. ગાડી ઊપડવાને થોડીક જ વાર છે !''

ત્યાં તો નિર્મલાએ બધો જ સામાન એકદમ ઝડપથી નીચે ઉતારી લીધો ને એટલી જ ઝડપથી બીજા કમ્પાર્ટમેન્ટમાં ચડાવવા લાગી.

ગાડી ઊપડે તે પહેલાં તો સામાન બીજા કમ્પાર્ટમેન્ટમાં ગોઠવાઈ ગયો ! તેની શક્તિ ને સ્ફૂર્તિ જોઈ કુશારી મહાશય તો ચકિત થઈ ગયા ! પછીથી ઘણી વાર આ પ્રસંગને યાદ કરીને કહેતા :



'આટલી નાની છોકરી, આટલો બધો સામાન, આટલી જલદીથી તેનો હાથ કેવી રીતે ફેરવી શકી, એ જ સમજાતું નથી !'

પણ ત્યારે નિર્મલામાં કંઈક વિશિષ્ટ શક્તિ પણ રહેલી છે, તેનો પ્રથમ અનુભવ કુશારી મહાશયને થઈ ગયો.



પંડિત નેહરૂ, ઈન્દીરા સાથે માઁ

તેણે બૂમ પાડી માને કહ્યું : "મા, હું કાકીમાના હાથેથી રાંધેલું નહીં ખાઉં. તું જો તો ખરી, એમના હાથ કેવા સડી ગયા છે ! હવે તેમના હાથ સારા ન થાય ત્યાં સુધી તું જ રાંધજે." પ્રમોદાસુંદરીએ ત્યારે નિર્મલાના હાથ જોયા ને તેમના મુખમાંથી પણ અરેરાટી નીકળી ગઈ :

"આટલાં બધાં ચાંદા પડ્યાં છે ને તું કહેતી કેમ નથી ?"

પછી તો પગ તરફ ધ્યાન જતાં ઊંડા ચીરા પડેલા જોયાં.

ઠપકો આપતાં કહ્યું : "તું કહે નહીં તો અમને કેવી રીતે ખબર પડે કે તારા હાથપગમાં પીડા થાય છે ?"

પછી તો ઘણી દવા કરાવી ત્યારે માંડ માંડ હાથ સાજા થયા.

પણ પોતાની વાત કોઈનેય કહેવી નહીં, ચૂપચાપ સહ્યે જવું, જે આવી પડે તેનો સ્વીકાર કરવો ને જાતને ભૂંસીને હસતે મોઢે સહુની સેવા કરવી એ હિંદુ ગૃહવધૂની લાક્ષણિકતાઓનો, જો ખુદ પરબ્રહ્મ નારાયણ પણ વધૂરૂપ ધારણ કરીને હિંદુ કુટુંબમાં આવે તો એમણેય સ્વીકાર કરવો પડે, તેથી જ તો નિર્મલાને હિંદુ કુટુંબની ગૃહવધૂની અગ્નિપરીક્ષાનો આકરો અનુભવ થઈ રહ્યો હતો.







## 'અત્યારે આ વાત કરીશ નહીં !'

એ અરસામાં નિર્મલાના જેઠની તબિયત સારી નહોતી.

પથ્ય આહાર ને પરેજીની કાળજી પણ નિર્મલાએ જ લેવાની હતી.

આથી તે સમયે ખૂબ કામ રહેતું. ઘરનું બધું કામ પૂરું થઈ જાય પછી તળાવની પાળે વાસણ માંજવા લઈ જતી. ત્યાં બેસીને માંજતી.

પણ હાથમાં તો છાલાં પડી ગયાં હતાં, એટલે કેટલી બધી પીડા થતી હશે ! તો ય કશી ફરિયાદ વગર કામ કર્યે જ જતી.

આસપાસની સ્ત્રીઓને ઊંડો પ્રેમભાવ હતો.

આ રીતે કામ કરતી જોઈને કહેતી : "છોટીમા, તારા હાથમાં પીડા નથી થતી ? લાવ, તારાં વાસણ અમે માંજી દઈએ."

ના પાડવા છતાંય એ લોકો વાસણ માંજી દેતાં.

તે દિવસે વાસણ માંજીને નિર્મલા ઘરે પાછી આવતી હતી.

છાતી સુધીનો ઘૂંઘટ, ને હાથમાં વાસણનો ટોપલો લઈ ધીમે ધીમે ચાલી આવતી હતી.

ત્યાં તો ભાવનો આવેશ આવ્યો ને થોડી જ ક્ષણોમાં બધું બાહ્ય ભાન લુપ્ત થઈ ગયું.

વાસણ ખણંખણ કરતાં નીચે પડી ગયાં ને નિર્મલા ય બેસી પડી.

ઘણીવારે બાહ્ય ભાન પાછું આવ્યું. પછી બધાં વાસણો ભેગાં કર્યાં.

જોયું તો કાચની એક થાળીનો કાંઠો ભાંગી ગયો હતો.

પેલી સ્ત્રીઓએ આ જોયું. તેમને નિર્મલાની ખૂબ દયા આવી ગઈ; "અરેરે, હવે આ છોટીમાનું આવી બનશે ! બડીમા ધૂળ કાઢી નાખશે !"

નિર્મલા વાસણ લઈને ઘેર પહોંચે એ પહેલાં બે-ત્રણ સ્ત્રીઓ તેને ઘેર પહોંચી ગઈ. તે સમયે નિર્મલાના પતિ રમણીમોહન તેમના મોટા ભાઈની ખબર કાઢવા ત્યાં આવેલા હતાં.

આ સ્ત્રીઓએ થાળી તૂટ્યાની વાત કરીને કહ્યું : 'ઘરમાં ખબર પડશે તો ઉલ્કાપાત મચી જશે. તમે બધું સંભાળી લેજો.'